**અગ્રતાક્રમ :** ૨૪

વિભાગ : મહિલા અને બાળ વિકાસ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૪૭૧**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૦૭/૦૨/૨૦૨૪**

પંદરમી ગુજરાત વિધાનસભા **:** ચોથું સત્ર

**પ્રશ્નનુ શિર્ષક : કચ્છ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન બાબત**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:

**શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | **પ્રશ્ન** | 3 |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | 3 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન–૧ ધારાસભ્યશ્રી– શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ)**<br>કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા કેન્દ્રોમાં ગેસ કનેક્શનની સુવિધા આપવામાં આવી છે.? અને ગેસ કનેક્શનમાં શું શું આપવામાં આવે છે? તથા તે માટે કેટલો ખર્ચ કરવામાં આવે છે ? | 4 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન–૨ ધારાસભ્યશ્રી– શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (રાપર)**<br>કચ્છ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રમાં ગેસની બોટલ પહોંચાડવાની શું વ્યવસ્થા છે.? તથા તે અંગેની એજન્સી અને ખર્ચની વિગતો. | 6 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન–૩ ધારાસભ્યશ્રી– શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજર)**<br>આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન કેવી રીતે આપવામાં આવે છે? તથા આંગણવાડી કેન્દ્રોને ગેસ સિલિન્ડર મળવામાં વિલંબ થતો હોય અને ગેસસિલિન્ડરના અભાવે લાભાર્થીને કોઈ તકલીફ પડેલ હોય તેવુ બનવા પામેલ છે | 7 |
| | | |
| ૪.૧ | **પૂરક માહિતી**<br>આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને આ યોજના અમલમાં આવવાથી શુ ફરક પડ્યો ? | 8 |
| ૪.૨ | **પૂરક માહિતી**<br>કચ્છ જિલ્લામાં ગેસ કનેક્શન યોજનાથી લાભાન્વિત થતા લાભાર્થી કેટલા છે ? | 9 |
| ૪.૩ | **પૂરક માહિતી**<br>આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા કેટલા ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવામા આવે છે ? | 10 |
| ૪.૪ | **પૂરક માહિતી**<br>આંગણવાડી કાર્યકર બહેનોને દૂર દૂર સુધી ગેસ સિલિન્ડર લેવા પોતાના ખર્ચે રિક્ષાભાડું આપી ગેસ સિલિન્ડર લાવવા પડે છે.? | 11 |
| ૪.૫ | **પૂરક માહિતી**<br>રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શનની સ્થિતિ શું છે? | 12 |
| ૪.૬ | **પૂરક માહિતી**<br>આંગણવાડીમાં Pipe Line થી ગેસ પુરવઠો આપવામાં આવે છે.? | 14 |
| | | |
| ૫.૦ | **પૂરક નોંધ** | 15 |

# 24

**કચ્છ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

*15/4/471 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવેલ છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હોઇ નવીન ગેસ કનેક્શન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રો ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે. **?** | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------------------------------------

**અગ્રતા ક્રમ – ૨૪**

**પૂરક પ્રશ્ન-૧**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ)**

**પૂરક પ્રશ્ન – (૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા કેન્દ્રોમાં ગેસ કનેક્શનની સુવિધા આપવામાં આવી છે.? અને ગેસ કનેક્શનમાં શું શું આપવામાં આવે છે? તથા તે માટે કેટલો ખર્ચ કરવામાં આવે છે?**

**જવાબ :**

**માન.અધ્યક્ષશ્રી,**

કચ્છ જિલ્લામાં તાલુકાવાઈઝ ગેસ કનેક્શનની સુવિધા આ મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર આંગણવાડી કેન્દ્રો ની સંખ્યા | ગેસ કનેકશન ધરાવતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અબડાસા | 193 | 193 |
| ૨ | અંજાર | 200 | 200 |
| ૩ | ભુજ | 417 | 417 |
| ૪ | ભચાઉ | 215 | 215 |
| ૫ | ગાંધીધામ | 183 | 183 |
| ૬ | રાપર | 274 | 274 |
| ૭ | નખત્રાણા | 198 | 198 |
| ૮ | માંડવી | 233 | 233 |
| ૯ | લખપત | 101 | 101 |
| ૧૦ | મુન્દ્રા | 102 | 102 |
| **કુલ** | | 2116 | 2116 |

- દરેક આંગણવાડી દીઠ બે સિલિન્ડર, રેગ્યુલેટર, સુરક્ષા રબ્બર ટ્યૂબ,ગેસ સ્ટવ વગેરે આપવામાં આવે છે.
- ગેસ સુવિધા પુરી પાડવા દરેક આંગણવાડી દીઠ આ મુજબ ખર્ચ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| | ગેસ સિલીન્ડર ડિપોઝીટ (બે સિલીન્ડર ) | રૂ. ૩૦૦૦/– |
| ૨ | રેગ્યુલેટર ચાર્જ | રૂ. ૧૫૦/– |
| ૩ | સુરક્ષા રબ્બર ટયૂબ | રૂ. ૧૯૦/– |
| ૪ | ગ્રાહક પુસ્તીકા | રૂ. ૫૦/– |
| ૫ | વહીવટી ખર્ચ | રૂ. ૪૫/– |

| | | | | |
|---|---|---|---|---|
| | ૬ | હોટ પ્લેટ વેરીફીકેશન ચાર્જીસ/મિકેનીકલ ચાર્જીસ | રૂ. ૧૭૭/- | |
| | ૭ | ઈન્સોટોલેશન ચાર્જીસ | રૂ. ૧૧૮/- | |
| | ૮ | સ્ટેમ્પ ચાર્જીસ | રૂ. ૧૦૦/- | |
| | ૯ | ગેસ સ્ટવ (ISI માર્કવાળો) | રૂ. ૨૮૦૦/- | |
| | | **કુલ** | **રૂ. ૬૬૩૦/-** | |

**અગ્રતા ક્રમ – ૨૪** **પૂરક પ્રશ્ન–૨**

**પુછનાર ધારાસભ્યશ્રી : વિરેન્દ્રસિંહ જાડેજા (રાપર)**

**પૂરક પ્રશ્ન – ૨ કચ્છ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રમાં ગેસની બોટલ પહોંચાડવાની શું વ્યવસ્થા છે.? તથા તે અંગેની એજન્સી અને ખર્ચની વિગતો.**

- ગેસની બોટલ આંગણવાડી કેન્દ્ર સુધી જે તે તાલુકાની ગેસ એજન્સી દ્વારા સીધી ડોર સ્ટેપ ડિલીવરીથી પહોંચતી કરવામાં આવે છે.
- તમામ જીલ્લાઓમાં ગેસ એજન્સીઓના ભાવ અલગ અલગ હોય છે. કચ્છ જીલ્લામાં ગેસની બોટલની કિંમત રૂ.૯૨૪ થી રૂ.૯૭૬/– છે.
- કચ્છ જીલ્લામાં તાલુકાવાઈઝ આ મુજબની એજન્સીઓ લાગુ પડે છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગેસ એજન્સીનું નામ** |
|---|---|---|
| ૧ | **અબડાસા** | ભારત ગેસ એજેન્સી |
| ૨ | **અંજાર** | ઈન્ડિયન ગેસ એજેન્સી |
| ૩ | **ભચાઉ** | HP ગેસ એજેન્સી |
| ૪ | **ભુજ** | સહજાનંદ, ધર્મસૂત્ર, સાઈ કૃપા, બહુચર ઈન્ડિયન ગ્રામીણ વિતરણ ગેસ અજેન્સી |
| ૫ | **ગાંધીધામ** | મંજુ, આદિત્ય, જેમિની ઈનડેન ગેસ એજેન્સી |
| ૬ | **લખપત** | ભારત ગેસ એજેન્સી |
| ૭ | **માંડવી** | ભારત, નીકી ગેસ એજેન્સી |
| ૮ | **મુન્દ્રા** | નિર્મલ ગેસ એજેન્સી |
| ૯ | **નખત્રાણા** | મેહુલ ભારત ગેસ એજેન્સી |
| ૧૦ | **રાપર** | HP ગેસ એજેન્સી |

| **અગ્રતા ક્રમ – ૨૪** **પૂરક પ્રશ્ન–૩** **પુછનાર ધારાસભ્યશ્રી : ત્રિકમભાઇ છાંગા (અંજર)** |
|---|
| **પૂરક પ્રશ્ન – ૩**<br>**આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન કેવી રીતે આપવામાં આવે છે? તથાઆંગણવાડી કેન્દ્રોને ગેસ સિલિન્ડર મળવામાં વિલંબ થતો હોય અને ગેસસિલિન્ડરના અભાવે લાભાર્થીને કોઈ તકલીફ પડેલ હોય તેવુ બનવા પામેલ છે** |
| **જવાબ,**<br>**માન. અધ્યક્ષશ્રી,**<br>• જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા મંજુર કરેલ તાલુકાવાર ગેસ એજન્સીની યાદી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર મારફત CDPO ને આપવામાં આવે છે. અને જે તે તાલુકાની ગેસ એજન્સીને તે તાલુકાના CDPO દ્વારા આંગણવાડીના નામ સરનામાની યાદી સાથે દરખાસ્ત કરવામાં આવે છે અને તાલુકાની ગેસ એજન્સી પાસેથી કનેક્શન માટેના ખર્ચનો એસ્ટીમેટ મંગાવી તે મુજબ ગેસ એજન્સીના સંપર્કમાં રહી આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન પુરા પાડવામાં આવે છે.<br>• આંગણવાડી કેન્દ્રોને જયારે નવા ગેસ કનેકશન આપવામા આવેલ ત્યારે ૨ ગેસ સીલીન્ડર સહિતનુ કનેકશન આપવામા આવેલ છે આથી જ્યારે એક બોટલ ઉપર રસોઈનું કામ થતું હોય ત્યારે બીજી વધારાની બોટલ આંગણવાડી કેન્દ્રમાં રિફીલ કરી રાખવામાં આવે છે. તેથી ગેસ બોટલ ખાલી થઈ જાય ત્યારે અન્ય રીતે રસોઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## પૂરક માહિતી

**આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને આ યોજના અમલમાં આવવાથી શુ ફરક પડ્યો ?**

**જવાબ :-**

**માન. અધ્યક્ષશ્રી,**

- **દેશમાં સર્વ પ્રથમ ગુજરાત સરકારે** આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની પહેલ કરી આ યોજના ૧૦૦% રાજ્ય બજેટથી તા. ૩/૧૨/૨૦૦૯ ના રોજથી શરૂ કરવામાં આવી.

- આંગણવાડી કાર્યકર, તેડાગર અને બાળકોનાં આરોગ્યને નુકશાન ન થાય તે માટે આંગણવાડી કેન્દ્ર ખાતે ખોરાક રાંધવા માટે ગેસની સુવિધા પુરી પાડવાથી આંગણવાડી કાર્યકર, હેલ્પર તથા બાળકોને લાકડાના ધુમાડાથી આંખો અને ફેફસાને નુકશાન થતું અટકે છે, પર્યાવરણનું રક્ષણ થાય છે, આ ઉપરાંત ખોરાક ઝડપથી તૈયાર થાય અને ખોરાકના પોષકતત્વો જળવાય છે.

- ગેસ કનેક્શનના કારણે રાંધવાના સમયનો બચાવ થવાથી આંગણવાડી કાર્યકર દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં વધુ સમય આપી શકે છે.

| પૂરક માહિતી |
| --- |
| **કચ્છ જિલ્લામાં ગેસ કનેકશન યોજનાથી લાભાન્વિત થતા લાભાર્થી કેટલા છે ?** |
| **જવાબ:–**<br>**માન. અધ્યક્ષશ્રી**<br><br>➢ કચ્છ જિલ્લામાં કુલ– ૧,૧૦,૭૦૦ બાળકો, ૧૮૭૬ આંગણવાડી કાર્યકર અને ૧૭૩૬ આંગણવાડી તેડાગર આ યોજનાથી લાભાન્વિત થયેલ છે. |

| પૂરક માહિતી |
| --- |
| **આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા કેટલા ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવામા આવે છે ?** |
| **જવાબ:–**<br>**માન. અધ્યક્ષશ્રી,**<br>➢ આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા ૩ ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવામા આવે છે. સામાન્ય રીતે ૧ વર્ષમાં ૩ સીલીન્ડર એક આંગણવાડી માટે પુરતા છે. આમ છતાં કોઈક સંજોગોમાં વધારે જરૂરીયાત ઉપસ્થિત થાય તો તેમની માંગણી મુજબ તેમને વધારાનો ખર્ચ ફાળવી શકાય છે. |

| **પૂરક માહિતી** |
| --- |
| **આંગણવાડી કાર્યકર બહેનોને દૂર દૂર સુધી ગેસ સિલિન્ડર લેવા પોતાના ખર્ચે રિક્ષાભાડું આપી ગેસ સિલિન્ડર લાવવા પડે છે.?** |
| **જવાબ:–**<br>**માન. અધ્યક્ષશ્રી,**<br>➢ આંગણવાડીમાં અપાતા ગેસ સિલિન્ડર એ ડોમેસ્ટિક કનેક્શન તરીકે સરકારે મેળવેલ છે. આથી ઘરમાં જે રીતે ગેસ સિલિન્ડરની ડોર સ્ટેપ ડિલીવરી થાય તે જ રીતે આંગણવાડીમાં પણ ગેસ એજન્સી મારફત ડોર સ્ટેપ ડિલીવરી કરવાની હોય છે.<br>➢ જિલ્લામાં કલેક્ટરશ્રી દ્વારા જ્યારે ગેસ એજન્સીને મંજૂરી આપવામાં આવે છે. ત્યારે ઘરે બેઠા ડિલીવરી કરવા સાથેની બાબતોને ધ્યાને લઈ એજન્સીને મંજૂરી આપવામાં આવતી હોય છે. આથી ડોમેસ્ટિક ગેસ કનેક્શનમાં આવો કોઈ પ્રશ્ન રહેતો નથી. |

## પૂરક માહિતી

**રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શનની સ્થિતિ શું છે?**

**જવાબ:-**

**માન. અધ્યક્ષશ્રી,**

**રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શનની સ્થિતિ આ મુજબ છે.**

| ગેસ કનેક્શન રિપોર્ટ ૨૦૨૩-૨૪ | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **મંજુર કુલ આંગણવાડી કેન્દ્રો** | **ગેસ કનેક્શન આપેલ આં.વા. ની સંખ્યા** | **ગેસ કનેક્શન બાકી હોય તેવા આં.વા.ની સંખ્યા** | **રિમાર્ક્સ** |
| ૧ | અમદાવાદ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૦ | |
| ૨ | અમરેલી | ૧૬૧૬ | ૧૬૧૬ | ૦ | |
| ૩ | બનાસકાંઠા | ૩૩૬૫ | ૩૩૬૫ | ૦ | |
| ૪ | વડોદરા | ૧૪૦૯ | ૧૪૦૯ | ૦ | |
| ૫ | ભરૂચ | ૧૩૭૪ | ૧૩૭૪ | ૦ | |
| ૬ | નર્મદા | ૯૫૨ | ૯૫૨ | ૦ | |
| ૭ | ભાવનગર | ૧૫૯૧ | ૧૫૯૧ | ૦ | |
| ૮ | ડાંગ | ૪૪૧ | ૪૪૧ | ૦ | |
| ૯ | જામનગર | ૮૮૮ | ૮૮૮ | ૦ | |
| ૧૦ | જુનાગઢ | ૧૨૪૯ | ૧૨૪૯ | ૦ | |
| ૧૧ | પોરબંદર | ૪૮૯ | ૪૮૯ | ૦ | |
| ૧૨ | કચ્છ | ૨૧૧૬ | ૨૧૧૬ | ૦ | |
| ૧૩ | મહેસાણા | ૧૯૨૦ | ૧૯૨૦ | ૦ | |
| ૧૪ | પાટણ | ૧૪૨૭ | ૧૪૨૭ | ૦ | |
| ૧૫ | પંચમહાલ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૦ | |
| ૧૬ | દાહોદ | ૩૦૫૬ | ૩૦૫૬ | ૦ | |
| ૧૭ | રાજકોટ | ૧૩૬૦ | ૧૩૬૦ | ૦ | |
| ૧૮ | સાબરકાંઠા | ૧૯૨૨ | ૧૯૨૨ | ૦ | |
| ૧૯ | સુરત | ૧૭૩૩ | ૧૭૩૩ | ૦ | |
| ૨૦ | સુરેંદ્રનગર | ૧૩૪૮ | ૧૩૪૮ | ૦ | |
| ૨૧ | ગાંધીનગર | ૯૫૧ | ૯૫૧ | ૦ | |
| ૨૨ | ખેડા | ૧૯૭૯ | ૧૯૭૯ | ૦ | |
| ૨૩ | આણંદ | ૧૯૯૩ | ૧૯૯૩ | ૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪ | વલસાડ | ૧૮૯૯ | ૧૮૯૯ | ૦ | |
| ૨૫ | નવસારી | ૧૩૩૦ | ૧૩૩૦ | ૦ | |
| ૨૬ | તાપી | ૧૦૪૯ | ૧૦૪૯ | ૦ | |
| ૨૭ | અરવલ્લી | ૧૪૫૦ | ૧૪૫૦ | ૦ | |
| ૨૮ | બોટાદ | ૫૬૯ | ૫૬૯ | ૦ | |
| ૨૯ | છોટાઉદેપુર | ૧૧૮૨ | ૧૧૮૨ | ૦ | |
| ૩૦ | દેવભુમિ દ્વારકા | ૬૯૧ | ૬૯૧ | ૦ | |
| ૩૧ | ગીર સોમનાથ | ૧૧૬૬ | ૧૧૬૬ | ૦ | |
| ૩૨ | મહીસાગર | ૧૩૧૬ | ૧૩૧૬ | ૦ | |
| ૩૩ | મોરબી | ૭૬૧ | ૭૬૧ | ૦ | |
| **કુલ** | | **૪૮૦૯૨** | **૪૮૦૯૨** | **૦** | |
| **કોર્પોરેશન** | | | | | |
| ૧ | અમદાવાદ | ૨૧૨૮ | ૨૧૨૮ | ૦ | ૦ |
| ૨ | વડોદરા | ૪૩૮ | ૦ | ૪૩૮ | અક્ષયપાત્ર ચાલતુ હોવાથી ગેસ કને. જરૂર નથી. |
| ૩ | ભાવનગર | ૩૧૭ | ૦ | ૩૧૭ | તમામ કેંદ્રોમાં અક્ષયપાત્ર દ્વારા નાસ્તો આપવામાં આવે છે. |
| ૪ | જુનાગઢ | ૧૭૯ | ૧૭૯ | ૦ | ૦ |
| ૫ | જામનગર | ૩૦૯ | ૩૦૯ | ૦ | ૦ |
| ૬ | રાજકોટ | ૩૬૩ | ૦ | ૩૬૩ | અક્ષયપાત્ર ચાલતુ હોવાથી ગેસ કને. જરૂર નથી. |
| ૭ | સુરત | ૧૦૯૨ | ૦ | ૧૦૯૨ | અક્ષયપાત્ર અને અખિલહિંદ પરિષદ દ્વારા નાસ્તો અપાતો હોવાથી ગેસ કને. જરૂર નથી. |
| ૮ | ગાંધીનગર | ૧૧૧ | ૧૧૧ | ૦ | ૦ |
| | **કુલ** | **૪૯૩૭** | **૨૭૨૭** | **૨૨૧૦** | |
| | **સબ ટોટલ** | **૫૩૦૨૯** | **૫૦૮૧૯** | **૨૨૧૦** | |
| | | | | | |
| **રાજયના તમામ આંગણવાડી કેંદ્રોમાં ૧૦૦% ગેસ કનેકશનની સુવિધા ઉપલબ્ધ થઈ ગયેલ છે.** | | | | | |

| પૂરક માહિતી |
| --- |
| **આંગણવાડીમાં Pipe Line થી ગેસ પુરવઠો આપવામાં આવે છે.?** |
| ➢ આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સિલિન્ડરની જગ્યાએ પાઈપ-લાઈન મારફતે ગેસ પુરવઠો આપવામાં આવે તો ઘણી સુલભતા રહે. પરંતુ હાલમાં રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ગેસ પુરવઠો પુરો પાડવા પાઈપ-લાઈન ઈન્ફ્રાસ્ટ્રકચર બિછાવેલ નથી ફક્ત આંગણવાડી કેન્દ્રોને ગેસ પાઈપ-લાઈન મારફત પુરો પાડવાનું વિચારવામાં આવે તો આર્થિક રીતે ઘણું મોંઘુ પડે.<br>➢ હાલમાં વાર્ષિક ત્રણ ગેસ સિલિન્ડર રિફીલીંગ માટે નાણાં આપવામાં આવે છે અત્યાર સુધી ત્રણથી વધુ ગેસ સિલિન્ડરની જરૂરિયાત અંગે કોઈ જીલ્લામાંથી રજૂઆત કે માંગણી આવેલ નથી. આમ, આંગણવાડી કેન્દ્રો ખાતે ગેસ વપરાશ ઘણો મર્યાદિત છે. આથી આંગણવાડી કેન્દ્રોને પાઈપ-લાઈન મારફતે ગેસ પુરવઠો પુરો પાડવો આર્થિક રીતે પોષાય તેમ ન હોઈ હાલ જે વાર્ષિક ત્રણ સિલિન્ડર આપવામાં આવે છે તે ચાલુ રાખવું યોગ્ય રહેશે.<br>➢ આંગણવાડી કેન્દ્રો સુધી ગેસની બોટલ પહોંચતી કરવાની હોવાથી ભાડુ ચુકવવાનો પ્રશ્ન રહેતો નથી.<br>➢ ગેસ કનેક્શન તથા ગેસ સિલિન્ડરના રિફિલીંગનો ખર્ચ રાજ્ય સરકાર ૧૦૦% રાજ્ય બજેટની ગ્રાન્ટમાંથી ભોગવે છે.<br>➢ પાવતી મુજબ ખરેખર ખર્ચ ચુકવવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ: ક્રમાંક:આઈ.સી.ડી.-૧૧૨૦૧૮-૩૧૦-બ, તા.૩૧/૦૮/૨૦૧૮ થી અમલવારી ચાલુ છે. વર્ષ: ૨૦૨૩-૨૪ માં પ્રતિ આંગણવાડી કેન્દ્રમાં પ્રતિ બોટલના રૂ.૧૦૫૦/- મુજબ વાર્ષિક ૩ બોટલના રૂ.૩૧૫૦/- ની જોગવાઈ કરેલ છે. |

## પૂરક નોંધ

- આંગણવાડી કાર્યકર, તેડાગર અને બાળકોનાં આરોગ્યને નુકશાન ના થાય તે માટે દેશમાં સર્વ પ્રથમ ગુજરાત સરકારે આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની પહેલ કરેલ છે.
- આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશન સુવિધા પૂરી પાડવાની યોજના તા. ૩/૧૨/૨૦૦૯ થી શરૂ કરવામાં આવેલ છે
- આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશનની સુવિધા પૂરી પાડવા પાછળ થતો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ખોરાક રાંધવા (નાસ્તો બનાવવા) માટે ગેસની સુવિધા પૂરી પાડવાથી આંગણવાડી કાર્યકર, હેલ્પર તથા બાળકોને લાકાડાના ધુમાડાથી આંખોને નુકશાન થતુ અટકે છે.
- પર્યાવરણનું રક્ષણ થાય છે.
- આગની હોનારત થતી અટકાવી શકાય છે.
- ખોરાક ઝડપથી તૈયાર થાય છે અને ખોરાકમાં પોષકતત્વો જળવાય રહે છે.
- આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોનો સમય બચે છે અને તેમની કાર્યક્ષમતામાં પણ વધારો થાય છે.
- આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શન ૨ બોટલ સાથે આપવામાં આવે છે.
- ગેસ રિફિલીંગ માટે ખરેખર થયેલ ખર્ચ મુજબ ચુકવણુ કરવામાં આવે છે.

**માળખાકીય સુવિધાની વિગત**

1. કચ્છ જિલ્લા માં ૨૧૧૬ આંગણવાડી કેન્દ્રોમાંથી ૨૧૧૨ કેન્દ્રો સેનિટેશન સુવિધા ધરાવે છે તથા ૪ કેન્દ્રમાં સુવિધા બાકી છે.
2. કચ્છ જિલ્લામાં ૪૩૪ ભાડાના મકાનમાં અને ૧૧૯ અન્ય જગ્યાએ અને તેમજ ૧૫૬૩ પોતાના મકાન ધરાવે છે.
3. કચ્છ જિલ્લામાં ૧૪૬૬ આંગણવાડી કેન્દ્રોમાં વોટર પ્યુરીફાયરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.
4. કચ્છ જીલ્લામાં તમામ(૨૧૧૬) કેન્દ્રમાં પાણીની સુવિધા ઉપલબ્ધ છે
5. કચ્છ જિલ્લામાં કુલ ૧,૧૦,૭૦૦ બાળકો છે. જેમાં સામાન્ય વજનવાળા ૯૬૮૭૧ બાળકો, ઓછા વજનવાળા ૧૦,૪૫૧ બાળકો અને અતિઓછા વજનવાળા ૩૩૭૮ બાળકો છે.
6. આંગણવાડી કેન્દ્રના ગેસ કનેક્શનના રીપેરીંગનો ખર્ચ કરવામાં આવેલ નથી.
7. કચ્છ જિલ્લામાં ગેસ એજન્સીથી આંગણવાડી કેન્દ્રો સુધી ગેસ રિફીલીંગ બોટલ પહોંચાડવાનું વધુમાં વધુ ૨૫ કિ.મી અને ઓછામાં ઓછું ૫ કિ.મી જેટલુ અંતર થાય છે.